**રેગ્યુલર દિવાની દરખાસ્ત નં. ૯૪ / ૨૦૨૨**

**:: આંક–૦૧ તળે હુકમ ::**

– દરખાસ્ત વંચાણે લીધી. દરખાસ્તનું રેકર્ડ વંચાણે લીધુ. હાલની દરખાસ્ત દરખાસ્તના લેણદારે દરખાસ્તના દેણદાર સામે એકપક્ષીય આરબીટલ એવોર્ડના આધારે દાખલ કરેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ભારત બ્રોડ બેન્ડ નેટવર્ક લીમીટેડ વિરૂધ્ધ યુનાઈટેડ ટેલીકોમ લીમીટેડ ૨૦૧૯ (૬) એસ.સી.આર. પાના નં.૯૭ તથા નામદાર બોમ્બે હાઈકોર્ટના નરેશ કનૈયાલાલ રજવાણી વિરૂધ્ધ કોટક મહીન્દ્રા બેંક ૨૦૨૨ એસ.સી.સી. ઓનલાઈન ૬૨૦૪ ના ચુકાદાના સિધ્ધાંતોને ધ્યાને લેતા તથા નામદાર કલકત્તા હાઈકોર્ટના ચોલા મંડલમ ઈન્વેસ્ટમેન્ટ ઈન ફાઈનાન્સ કંપની લીમીટેડ વિરૂધ્ધ આમ્રપાલી એન્ટરપ્રાઈઝીસ અને બીજાઓ એ.આઈ.આર. ઓનલાઈન ૨૦૨૩ કલકત્તા પાના નં.૨૧૧ ના ચુકાદાને ધ્યાને લેતા હાલની દરખાસ્ત એકપક્ષીય આરબીટલ એવોર્ડને આધારે દાખલ થયેલ હોય અને જે સંબંધે દરખાસ્તમાં લેણદાર કન્ડીશનલ વિથડ્રો પુરશીશ આપેલ હોય અને આ સોલઆરબીટ્રેટર અંગેની વિસંગતતાને અંગે નામદાર સર્વોચ્ચ અદાલતમાં સીવીલ અપીલ નં.૯૪૮૬–૯૪૮૭ / ૨૦૧૯ તથા એસ.એલ.પી.સી. ૯૪૬૨/ ૨૦૨૨ થી સુપ્રિમ કોર્ટમાં મેટર પેન્ડીંગ છે, જેના નિર્ણયને આધારે જો ઉપરોકત ચુકાદાનો નિર્ણય બદલાય તો નવી દરખાસ્ત ફરી દાખલ કરવાની શરતે કન્ડીશનલ વિથડ્રો પુરશીશ આપેલ હોય, જે ધ્યાને લેતા સમયમર્યાદા કાયદાને આધીન દરખાસ્ત ફરીથી દાખલ કરવાની પરવાનગી સાથે કન્ડીશનલ વિથડ્રો પુરશીશના આધારે સદરહુ દરખાસ્ત ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.: ૦૯ મી, માહેઃ સપ્ટેમ્બર, સનેઃ ૨૦૨૩ ના રોજ લોક અદાલતમાં સ્પે. સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date : **09/09/2023**
Place: Rajkot

(Mohammedyunus A.Piprani)
22nd Additional Senior Civil Judge
& Additional Chief Judicial Magistrate
Rajkot. (UID:GJ01222)